ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**નીતાબેન મોદી**
**(૬-૮-૧૯૪૮)**
**સભ્ય**
**અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર**

## સમસ્ત પાટીદાર લેઉવા પટેલ સમાજનો જીવનસાથી પસંદગી મેળો ૮ અને ૯મી ઑગષ્ટે યોજાશે

ગાંધીનગર, તા. ૫

સમસ્ત પાટીદાર લેઉવા પટેલ સમાજ દ્વારા અમદાવાદ ખાતે લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે જીવનસાથી પસંદગી સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૮ અને ૯ ઑગષ્ટ, શનિવાર અને રવિવાર એમ બે દિવસ આ સમારોહ વિનામૂલ્યે યોજવામાં આવશે.

આ સમારોહમાં ભાગ લેવા માટે ઈચ્છુક સમાજના ઉમેદવારોને સમાજ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ અંગેની વધુ વિગતો માટે પટેલ સમાજ કાર્યાલય, બી-૧૯, ગોલ્ડ કૉઈન કૉમ્પલેક્સ, ઈન્ડિયન ઑઈલ પૅટ્રોલ પંપ સામે, જોધપુર ચાર રસ્તા, અમદાવાદ (મો. ૯૯૨૪૦ ૨૩૩૪૪)નો સંપર્ક સાધવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## સમસ્ત પાટીદાર લેઉવા પટેલ સમાજ વેવિશાળ ડિરેક્ટરી પ્રસિદ્ધ કરશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત રાજ્યમાં વસતા તમામ લેઉવા પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે લગ્નસંબંધી વિસ્તૃત માહિતી માટે એક ડિરેક્ટરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ડિરેક્ટરીમાં યુવક-યુવતિનાં નામ, સરનામાં, ફોટોગ્રાપ, ફોન નંબર, ઊંચાઈ, વજન, મોસાળ પક્ષ તેમજ વ્યવસાય અંગેની વિગતો પણ સમાવવાનું આયોજન વિચારાયું છે અને તે સમાજના સભ્યોને ઘેરબેઠાં મળી રહે તેવી વ્યવસ્થા વિચારાઈ રહી છે. આ કારણે આ ડિરેક્ટરી યોગ્ય પાત્રોને જોડવામાં ઉપયોગી બની રહેશે એવો આશાવાદ રાખવામાં આવી રહ્યો છે.

ઓછો કે વધુ અભ્યાસ અથવા સામાન્ય કે શારીરિક વિશિષ્ટ લગ્નોત્સુક ઉમેદવારો પણ આ ડિરેક્ટરીમાં પોતાનાં નામ અને વિગતો નોંધાવી શકશે.

સમાજના જે લગ્નોત્સુક ઉમેદવારો આ ડિરેક્ટરીમાં પોતાનું નામ નોંધાવવા ઈચ્છતા હોય તેમણે તાજેતરના કલર ફોટોગ્રાફ, અભ્યાસના આધાર સાથે આગામી તા. ૧૫ ઑગષ્ટ સુધીમાં પટેલ સમાજના કાર્યાલય, આસ્થા ક્લિનીક, વિશ્વકર્મા સોસાયટી, જોધપુર ચાર રસ્તા, પૅટ્રોલ પંપની સામે, અમદાવાદ ખાતે સંપર્કક રવાનો રહેશે. આ અંગેની વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૯૨૪૦ ૨૩૩૪૪નો સંપર્ક કરી શકાશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### પશ્ચિમ કેન્દ્ર
## સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા કર્મચારી સંઘના પ્રમુખ તરીકે જોગીન્દર કટોચ
### મહામંત્રી તરીકે અજય પટેલ પુનઃ બિનહરીફ



જોગીન્દર કટોચ



અજય પટેલ

ગાંધીનગર, તા. ૫

સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, પશ્ચિમી કેન્દ્ર, ગાંધીનગર ખાતે તાજેતરમાં થયેલી કર્મચારી સંઘની ચૂંટણીમાં પ્રમુખ તરીકે જોગીન્દર કટોચ ભારે બહુમતિથી ચૂંટાઈ આવ્યા છે.

સંઘના મહામંત્રી તરીકે અજય પટેલ બિનહરીફ ચૂંટાયા છે, જે છેલ્લાં ૨૦ વર્ષથી આ પદ પર બિનહરીફ ચૂંટાતા આવ્યા છે. સંઘના ખજાનચી તરીકે ગિરીશ ઠક્કર, સલાહકાર તરીકે નરેન્દ્ર પટેલ, રણજીતસિંહ સિસોદીયા, રણજીતસિંહ માન અને નિકુંજ ગોહેલની નિમણૂંક થઈ છે.

## ઍમ બી પટેલ સ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા વિધાનસભાની મુલાકાત

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા શાળાની ધોરણ-૮ની ૩૭૦ વિદ્યાર્થીનીઓએ મંગળવારે ગુજરાત વિધાનસભા ગૃહની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેમણે પ્રેક્ષક દીર્ઘામાં બેસીને ગૃહની કાર્યવાહી નિહાળી હતી તથા આ વિશે ગૃહના કર્મચારીને પ્રશ્નો પણ પૂછ્યા હતા.

ગૃહના ભોંયતળિયે તૈયાર કરવામાં આવેલો પ્રદર્શન વિભાગ જોઈ વિદ્યાર્થીનીઓ પ્રભાવિત થઈ હતી. સમગ્ર મુલાકાતનું આયોજન શાળાનાં મદદનીશ શિક્ષિકા ગીતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## આચાર્ય ભાવેશકુમાર જોષીને સ્વામી વિવેકાનંદ સન્માન

ગાંધીનગર, તા. ૫

કલોલ તાલુકાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ ઍચ ઍમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના આચાર્યશ્રી ભાવેશકુમાર રમેશચંદ્ર જોષીને 'અવન્તિકા સ્વામી વિવેકાનંદ સન્માન'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

સી ડી પટેલ ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગ્લોબલ ઈન્ટરનેશનલ સ્કૂલના ઉપક્રમે શિક્ષણ અને સમાજ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ ભાવેશભાઈને આ સન્માન અર્પણ કરવામાં આવ્યું છે. સાધુબેલા તીર્થ, અડાલજ ખાતે આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં તેઓને આ જાહેર સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

એક આદર્શ શિક્ષક એવા શ્રી ભાવેશકુમાર જોષીને આ અદકેરું સન્માન મળવા બદલ શાળા પરિવાર તથા ગ્રામજનોએ અત્યંત હર્ષની લાગણી પ્રગટ કરી તેમને અભિનંદન પાઠવ્યા છે.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે 'વૃક્ષારોપણ સપ્તાહ'ની ઉજવણી





ગાંધીનગર, તા. ૫

લેકાવાડા ખાતે સ્થિત ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તાજેતરમાં વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રદૂષણ એ વર્તમાન સમયમાં પર્યાવરણની વૈશ્વિક સમસ્યા છે અને વૃક્ષો ઘટવાથી આ સમસ્યા વિકરાળ સ્વરૂપ ધરી રહી છે. વૃક્ષારોપણ એ આ સમસ્યાનું નિવારણ છે એ બાબત વિદ્યાર્થીઓ સમજે એ હેતુથી શાળામાં વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી હાથ ધરવામાં આવી હતી અને ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓને 'આપણા જીવનમાં વૃક્ષોનું મહત્ત્વ' વિષય પર વિશદ્ સમજ આપવામાં આવી હતી. સમગ્ર સપ્તાહ દરમ્યાન વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સંગીત નાટક અકાદમી દ્વારા શુક્રવારે અમદાવાદમાં સેમિનાર

### સૅમિનાર શેના માટે છે ? તેનો એજન્ડા શું છે ? તે બાબતે અકાદમીનું અકળ મૌન
### આખો દિવસ ચાલનારા આ સૅમિનારથી સમય અને નાણાંના વ્યયની નાટ્યકારોને ભીતિ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા શુક્રવારે અમદાવાદ ખાતે એક સેમિનાર અંગેનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ, આ અંગેની કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી. સેમિનાર નાટ્ય અંગેનો છે, એવું નાટ્યરસિકો માને છે. કારણ કે જે સંસ્થા કે વ્યક્તિઓએ આ વખતે નાટ્યની સ્પર્ધા માટેનાં ફોર્મ ભર્યાં છે તેમને આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા માટેના ફોનકૉલ આવી ગયા છે. સૅમિનાર આખા દિવસનો છે, તેમાં બંને સમયનું ભોજન પણ સામેલ છે અને રાત્રે નાટ્યપ્રયોગના પ્રદર્શન પછી તે પૂર્ણ થશે તેવી માહિતી ફોન પર આપવામાં આવી છે. એ સિવાય કોઈ માહિતી આપવામાં આવી નથી. મતલબ કે સૅમિનારનો એજન્ડા શું છે ? તેમાં શું ચર્ચા થવાની છે ? તજ્જ્ઞ તરીકે અથવા વક્તા તરીકે કોણ ઉપસ્થિત રહેવાનું છે એવી કોઈ વિગત કોઈપણ ટીમને આપવામાં આવી નથી, માત્ર સૌને હાજર રહેવા માટે તાકીદ કરવામાં આવી છે. 'ગાંધીનગર સમાચાર' દ્વારા અકાદમીની રૂબરૂ મુલાકાત લઈ આ અંગેની માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ અકાદમીએ આવે ટાણે પણ કુલડીમાં ગોળ ભાંગ્યો હતો. 'નાટક અંગેનો સૅમિનાર છે, સ્પર્ધામાં ભાગ લેનારી ટીમોને તેમાં બોલાવવામાં આવી છે અને તેમાં અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી તથા સભ્ય સચિવ ઉપસ્થિત રહેશે, અકાદમીની વિવિધ સ્કીમ્સ વિશે સમજાવશે' એવી ઉપરછલ્લી માહિતી સંગીત નાટક અકાદમીના 'અતિ વ્યસ્ત' કર્મચારીએ આપી હતી.

ઉલ્લેખનીય છે કે સંગીત નાટક અકાદમી માટે આ વખતે સ્પર્ધાનાં ફોર્મમાં જ એ શરત પર ફોર્મ ભરનાર પાસે સ્વીકાર કરાવી લીધો હતો કે અકાદમી જ્યારે પણ આવા સેમિનાર માટે કલાકારોને બોલાવે ત્યારે તેમણે ઉપસ્થિત રહેવું પડશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ હતી, જે વિત્યે ચાર દિવસ માંડ થયા છે ત્યાં તો અકાદમી કલાકારોને ફોન પણ કરવા માંડી અને એ પણ અધૂરી વિગતો સાથે ! એ જોતાં આ સૅમિનારમાં માત્ર સમય તથા નાણાંનો વ્યય જ હોવાનો અંદાજ નાટ્યકારો લગાવી રહ્યા છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
દૃશ્યમ
૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
દૃશ્યમ
૧૨.૧૫
બજરંગી ભાઈજાન
૩.૩૦, ૧૦.૧૫
બાહુબલિ
૬.૪૫

**સ્ક્રીન-૩**
પિક્સેલ (અંગ્રેજી, ૩ડી)
૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૭.૪૫
બાહુબલિ
રાત્રે ૧૦.૧૫
બજરંગી ભાઈજાન
સવારે ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દૃશ્યમ
સવારે ૧૦.૦૦
બજરંગી ભાઈજાન
૧.૦૦
બાહુબલિ
૪.૦૦, ૧૦.૧૫
મસાન (એ)
૭.૧૫

**સ્ક્રીન-૫**
દૃશ્યમ
સવારે ૧૦.૦૦
બજરંગી ભાઈજાન
૧.૦૦, ૭.૦૦
બાહુબલી

**ટાઉનહોલ**
આર્ટ લવર્સ આયોજિત
નાટક : મારી વાઈફ મૅરીકૉમ
રાત્રે ૯.૩૦

### શહેરની એવી સમસ્યા જેને શહેર જ ગંભીરતાથી નથી લેતું !
# અવયસ્કોનું વાહનચાલન તેમના માટે જ નહીં, અન્યો માટેય જોખમરૂપ

તસવીર : કશ્યપ નિમાવત



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લે કરેલી 'મન કી બાત'માં રોડ સેફ્ટી બિલ અંગે વાત કરી હતી અને જણાવ્યું હતું કે તેમની સરકારી રોડ સેફ્ટી પોલિસી લાવવા વિચારણા કરી રહી છે.

આ પ્રસંગે તેમણે માર્ગ દુર્ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, સરકાર રોડ સેફ્ટી બિલ લાવશે અને લોકોને પણ જાગૃત કરશે. તેમણે ઉમેર્યું હતું કે, હાલમાં જ દિલ્હીની એક ઘટના પર તેમની નજર પડી હતી. સ્કૂટર ચાલક ૧૦ મિનિટ સુધી પડી રહ્યો હતો પરંતુ તેની કોઈએ મદદ કરી ન હતી. આમ ન થાય એ માટે રોડ સેફ્ટી બિલ લાવવામાં આવશે. પહેલા ૫૦ કલાકમાં ઘાયલોને કૅશલેસ ટ્રીટમેન્ટના પ્રયાસ કરવામાં આવશે. માતા-પિતાને પણ પોતાના બાળકોને રોડ સેફ્ટીને લઈને જાગૃત કરે તે ખૂબ જરૂરી છે.

અગત્યનો મુદ્દો આ છે અને ગાંધીનગર માટે તો ખરો જ. માતા-પિતા પોતાનાં બાળકોની રોડ સેફ્ટી તો ઠીક પરંતુ સેફ્ટી અંગેય જાગૃત નથી એવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. લાયસન્સ વિના વાહન હંકારતાં બાળકોની સંખ્યા અહીં નોંધપાત્ર છે અને તેમના માતા-પિતાને તેમની સેફ્ટીની જરાપણ ચિંતા નથી એવું સ્પષ્ટ દેખાઈ આવે છે.

વળી, ન માત્ર માતા-પિતા માટે પરંતુ સમાજ અને સમગ્ર શહેર માટે આ મુદ્દો ચિંતાનો છે, પરંતુ તેમ છતાં કોઈ એની પરવા કરતું નથી, સૌ જાણીને એનાથી મોં ફેરવે છે.

માન્યું કે ગાંધીનગર શહેર હવે મોટું થઈ ગયું છે અને અહીં નોકરિયાત વર્ગ વધુ છે, માતા-પિતા બંને નોકરી કરી રહ્યા હોય અને સંતાનોને સ્કૂલ સુધી મૂકવા-લેવાની અનુકૂળતા કે સમય તેમની પાસે ન હોય એવું શક્ય છે. પણ એ પ્રમાણ કેટલા ટકા ? એના કરતાં તો અનેકગણા વધુ બાળકો વગર લાયસન્સે બિન્દાસ્ત વાહનો લઈને ફરે છે.

આવું થવાનું કારણ શું ? જુદાં-જુદાં કારણો છે. જેમકે, માતા-પિતા બંને નોકરીમાં વ્યવસ્ત હોય, પિતા નોકરીમાં વ્યસ્ત હોય ને સંતાનની જવાબદારી માતા પાસે હોય પણ માતાને વાહન હંકારતાં ન આવડતું હોય, માતાને વાહન હંકારતાં આવડતું હોય તો પણ તેની પાસે બીજા સંતાનની કે ઘરની જવાબદારી હોય - આવાં અનેક કારણો હોઈ શકે છે. થોડા સંજોગોમાં જ કારણો સાચાં હોય છે, બાકી મોટાભાગના સંજોગોમાં તો અવયસ્ક બાળકોને વાહન આપી દેવા પાછળ કોઈ સાચું કારણ જવાબદાર હોતું જ નથી.

જાણીને નવાઈ લાગશે પરંતુ એ સત્ય છે કે આજે ગાંધીનગરમાં અવયસ્કો વિના લાયસન્સે વાહન ચલાવે છે એ માટેનું સૌથી મોટું કારણ છે દેખાદેખી. પોતાનું સંતાન નવમું ધોરણ પાસ કરીને દસમા ધોરણમાં પગ મૂકે એટલે એને વાહન લઈ જ દેવું પડે એવો એક નવો ચાલ આ શહેરમાં શરૂ થયો છે. છોકરી હોય તો એને અગાઉ સ્કૂટી લઈ દેવું પડતું હતું, હવે એ સ્થાન ઍક્ટીવાએ લીધું છે અને છોકરો હોય તો એને બાઈક લઈ દેવું પડે અથવા ઑપ્શનમાં ઍક્ટીવા પણ ચાલે.

માતા-પિતા પહોંચી વળતા હોય કે ન હોય, એમની પાસે નાણાંની સગવડ હોય કે ન હોય, પરંતુ દસમા ધોરણમાં સંતાન આવે એટલે એ માગે કે ન માગે, એની સામે એક અલાયદું વાહન ધરી દેવાય છે - એની એ ચલાવવાની ક્ષમતા કે લાયસન્સ લેવાની ઉંમર નથી એ જાણવા છતાં.

પોતાની વયના અન્ય છોકરા-છોકરીઓને વાહન ચલાવતાં જોઈ બાળકોનો જીવ લલચાય એ સ્વાભાવિક છે, પરંતુ માતા-પિતાનો જીવ ચાલે છે એ જોઈને ખરેખર નવાઈ લાગે છે ! અન્યનાં સંતાનો વાહનો લઈને ફરે એટલે પોતાનાં સંતાનોને પણ વાહન પકડાવી દેવાં એમાં શાણપણ ક્યાં આવે છે ? ઊલ્ટું, આ તો જોખમ વહોરવાની વાત થઈ.

કાયદાએ વાહન ચલાવવાનો પરવાનો આપવાની વય ૧૮ વર્ષ કરી છે એ પાછળ કારણ છે. એ વય પહેલાં વ્યક્તિ તત્કાળ નિર્ણયો લેવા માટે કે આકસ્મિક પરિસ્થિતિમાં સ્વસ્થ રહી શકવા માટે સક્ષમ નથી હોતી. અકસ્માત વખતે શારીરિક આઘાત ન લાગે તો પણ માનસિક આઘાત એના માટે જીવલેણ નીવડી શકે તેમ છે. વળી, ૧૮ વર્ષથી ઓછી વયના વ્યક્તિઓની શારીરિક ક્ષમતા પણ એવી નથી હોતી કે વાહનને સરખી રીતે સંભાળી શકે. એ બાબતમાં તો તમેય સંમત થશો કે આજની મમરા કે પાણીપુરીખાઉ છોકરીઓનું પોતાનું વજન માંડ ૩૦-૪૦ કિલોગ્રામ હોય છે ને એ ૧૧૦ કિલોગ્રામનું ઍક્ટીવા લઈને બિન્દાસ્ત એકલી સરેઆમ રસ્તા પર નીકળી પડે છે.

અને પછી જે નુકસાન થાય છે તે સામેવાળાનું થાય છે. કારણ કે અવયસ્ક છોકરીઓનો કે છોકરાઓનો કાબૂ વાહન પર રહેતો જ નથી હોતો. વળી, તેમનું વાહન ચલાવવું પણ જોખમભર્યું હોય છે. સમવયસ્કો સાથે સ્કૂલ તરફ જતાં, સ્કૂલ તરફથી ઘર તરફ ઝતાં કે ઘરથી ટ્યુશન તરફ જતાં કિશોર વયના છોકરા-છોકરીઓને વાહન ચલાવતા જોયા હોય એમને ખબર જ હશે કે એ લોકો કેટલી ઝડપથી અને કેટલી ભયાનકતાથી, બેદરકારીથી વાહન ચલાવતા હોય છે ! આપણી પાસેથી




એ પસાર થાય ત્યારે આપણે બે ઘડી માટે રોષ વ્યક્ત કરીએ છીએ પણ પછી એ બાબતને ભૂલી જઈએ છીએ ને એટલે જ આવા લોકોને આપણે રોકતા કે ટોકતા પણ નથી.

વાચકોને એ બાબત જાણીને નવાઈ લાગશે કે અવયસ્કો દ્વારા વાહન ચલાવવાના સૌથી વધુ કિસ્સા રાજ્યભરમાં અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં છે, જેમાં સૌથી વધુ સંખ્યા સ્કૂલ અને ટ્યુશન માટે વાહન ચલાવાતા વિદ્યાર્થીઓની છે. આવા વિદ્યાર્થીઓના અકસ્માત થાય ત્યારે તેમના ઉપરાંત તેઓ અન્ય માટે પણ જોખમરૂપ બની જાય છે.

પોતાનાં અવયસ્ક સંતાનોને વાહન ચલાવવા આપીને માતા-પિતા 'જવાબદારીમાંથી છૂટ્યા'ની લાગણી ભલે અનુભવતા હોય, પણ હકીકતે એમ જવાબદારીમાંથી છૂટી શકાતું નથી, એમ કરતાં તો જવાબદારી વધે છે. કારણ કે આ એક જ જોખમમાંથી બીજાં અનેક જોખમો સર્જાય છે. જેમકે, તમે તમારા સંતાનને વાહન આપો, એટલે પૅટ્રોલ અથવા રીપેરીંગ કે આકસ્મિક જરૂરિયાત માટે રૂપિયા પણ આપવા પડશે. એ રૂપિયાનો સદુપયોગ થાય છે કે દુરુપયોગ એ તમે જાણી નહીં શકો. સંતાન પર વિશ્વાસ હોવો એ એક વાત છે અને કિશોર વયે પહોંચેલાં સંતાનો સોબતને હિસાબે કયા રસ્તે વળે છે એ હકીકત બીજી વાત છે. આ ઉપરાંત, પોતાની ઓછી સમજને કારણે કે અક્ષમતાને કારણે બેફામ વાહન હંકારતા તમારા સંતાનથી સરેઆમ રસ્તા ઉપર કોઈનો જીવ જોખમમાં આવી જાય છે એ પણ હકીકત છે. આમ માત્ર તમારી 'જવાબદારીમાંથી છૂટવા'ની લાગણી ન માત્ર તમારાં વ્હાલા સંતાનોને, પરંતુ અન્ય સામાન્ય નાગરિકોને માટે પણ જોખમ ઊભું કરે છે.

'આ બધી વાતો છે, કંઈ થતું નથી' એવો મદ મનમાં રાખનારા પછી અકસ્માત થાય ત્યારે રડવા સિવાય કંઈ જ કરી શકતા નથી. કારણ કે જિંદગી અને મોત વચ્ચે કે સ્વસ્થતા અને પંગુતા વચ્ચે માત્ર એક અકસ્માતનું જ અંતર હોય છે. અને અકસ્માત કોઈને પૂછીને નથી આવતો, એ તો અનાચક જ આવે છે અને ભયાનક સ્વરૂપે આવે છે. આવો અકસ્માત જ્યારે પોતાના લાડકવાયાને નડે કે ભરખી જાય ત્યારે દુખનો કેવો પહાડ માતા પર તૂટી પડે છે એ તો નાની વયના પોતાના સંતાનને ગુમાવનાર માતા-પિતા જ સમજી શકે છે.

આવું ન થાય એ માટે આજથી જ જાગવાની જરૂર છે. પરિસ્થિતિ સામે ઝુકીને સાવ હથિયાર હેઠાં મુકી દેવાની જરૂર નથી, સંતાનોને સ્કૂલ કે ટ્યુશન જવા માટે બીજી વ્યવસ્થા થઈ શકે છે. વિચારો. કંઈ જ ન મળે તો છેવટે સાઈકલ પણ શ્રેષ્ઠ વિકલ્પ છે, એનાથી એનું સ્વાસ્થ્ય પણ સારું રહેશે અને કિંમતી એવું ઈંધણ પણ બચશે. આમ તમારોય ફાયદો અને રાષ્ટ્રનોય ફાયદો.

એક જાડા અંદાજ પ્રમાણે જો અમદાવાદ અને ગાંધીનગરના અવયસ્ક વ્યક્તિઓ એક દિવસ માટે વાહનો ચલાવવાનું બંધ કરે તો આખાય ગાંધીનગરનાં વાહનો એક દિવસ ચાલી શકે તેટલા પૅટ્રોલની બચત થાય તેમ છે. પણ આવી ગણતરી કોને પસંદ છે ? અન્યનાં સંતાનો વાહનો લઈને ફરતાં હોય ત્યારે પોતાનું સંતાન ચાલતું ફરે કે સાઈકલ લઈને ફરે એ આજે કયા માતા-પિતાને પોસાય એમ છે ? દેખાદેખીનો કે કહેવાતી અવ્યવસ્તાનો એરુ એવો આભડ્યો છે કે એમાં સાચું શું અને ખોટું શું એ સમજવા છતાં આજના માતા-પિતા સાચા રસ્તાનો અમલ નથી કરી રહ્યા.

ખેર, તમારું સંતાન એ તમારું છે અને એનું ભલું કે બૂરું તમે જ શ્રેષ્ઠ રીતે સમજી શકો તેમ છો. પરંતુ, જિંદગીની દોડધામવાળી દૃષ્ટિ અને દેખાદેખીનાં ચશ્માં દૂર રાખીને ખરેખર એક મા કે બાપ બનીને વિચારો : તમે ખરેખર સાચા રસ્તે છો ? અને ના હોવ તો હજુ સમય છે, હજુ પાછા વળી જાવ. તમારા સંતાનમાં તમારા જ સંસ્કાર છે, સમજાવશો તો સમજી જશે.

વાહનનો અભાવ એ જિંદગીની પ્રગતિ અટકાવી દે એવો અભાવ નથી, એવું પહેલાં તમે સમજો અને પછી તમારાં સંતાનોને સમજાવો, તો તેઓ અવશ્ય સમજી જશે અને તેઓની અમૂલ્ય જિંદગી રોજ સરેઆમ રોડ માથે ઝળુંબાતા જોખમોથી પણ બચી રહેશે.

અને હા, આ બાબતે વાલીઓએ કે શાલા સંચાલને જ કાંઈ કરવું પડશે. કારણ કે આપણે ત્યાં પોલીસ તો 'બાપડી-બિચારી' છે, એ તો આ વિષયમાં કંઈ કરશે જ નહીં ! એક હજાર કારણો છે પોલીસ પાસે આ અંગે કોઈ કામગીરી નહીં કરવા માટે, પરંતુ એકપણ કારણ નથી આ કામગીરી કરવા માટે ! એટલે વાલીઓને પોતાનાં સંતાનોની ચિંતા હોય તો એ વિચારે અને શાળાઓને પોતાના વિદ્યાર્થીઓની ચિંતા હોય તો તેઓ આ વિષયમાં કંઈક વિચારો, પોલીસ પાસેથી અપેક્ષા રાખવી નકામી છે.

### શાળાઓ કે ટ્યુશનિયા શિક્ષકો પણ આ બાબતે સાવ બેદરકાર છે

અવયસ્ક વિદ્યાર્થીઓને વાહન ચલાવતાં રોકવા એ માત્ર માતા-પિતાની જવાબદારી છે, એવું નથી. એ જવાબદારી સ્કૂલની પણ છે અને ટ્યુશનના વર્ગો ચલાવતા શિક્ષકોની પણ છે. પરંતુ, આપણી કમનસીબીએ સ્કૂલ્સ કે શિક્ષકો આ બાબતે બેદરકાર છે. ક્યારેય કોઈ સ્કૂલે આ બાબતે ધ્યાન ધર્યું હોય એવું જોવામાં આવ્યું નથી.

હા, એકાદ માસ પહેલાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ હાઈસ્કૂલના પ્રિન્સીપાલે આ બાબતે ધ્યાન ધર્યું હતું અને વિદ્યાર્થીઓને વાહનો લઈને શાળામાં ન આવવા માટે કડક સૂચના આપી હતી. એમના સિવાય ગાંધીનગરના ઈતિહાસમાં કોઈપણ શાળાએ આવું કર્યું હોવાનું ધ્યાને નથી.

અલબત્ત, ઍમ બી પટેલ શાળાના આટલા સંવેદનશીલ પ્રિન્સીપાલ પણ વિદ્યાર્થીઓને વાહન લઈને શાળામાં આવતા રોકી શકવા માટે સફળ થઈ શક્યા નથી. કારણ ? વાલીઓની જિદ ! વાલીઓ જ સામે ચાલીને પ્રિન્સીપાલને સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે અમારાં સંતાનો વાહનો લઈને આવે છે તે બરાબર જ છે, એ બાબતે તમારે ધ્યાન આપવાની જરૂર નથી ! હવે જ્યાં વાલીઓને જ એમનાં સંતાનોની સલામતીની ચિંતા ના હોય ત્યાં પ્રિન્સીપાલ બિચારા શું કરે ? વાલીઓ પોરસાવે છે અને પોરસાતાં બાળકો હજુય શાળામાં બિન્દાસ્ત વાહનો લઈને આવે છે !

શાળાઓની જવાબદારી વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાન આપવાની જ છે એવું સ્પષ્ટ દેખાય છે. જીવનશિક્ષણ આપતી એકેય શાળા આ શહેરમાં નથી એ ખરેખર અફસોસની વાત છે !

### અંકલ પ્લીઝ, જવા દોને !...

ગાંધીનગરમાં જ્યારે અવયસ્ક વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીનો કોઈ નાગરિક સાથે અકસ્માત સર્જાય છે ત્યારે આવા અવયસ્કો સૌથી પહેલું કામ કરે છે રડવાનું. 'અંકલ, પ્લીઝ જવા દોને... મારા પપ્પાને ખબર પડશે તો કાલથી મને વાહન નહીં ચલાવવા દે, મારા ઘરે ખબર પડશે તો મારું બહાર નીકળવાનું બંધ થઈ જશે..' એવાં બહાનાં એવા ભોળપણથી ને રડતાં રડતાં તેઓ રજૂ કરે છે કે સામેવાળો ગમે તેવો કડક હોય તો પણ નરમ પડી જાય છે અને પછી ચેતવણી આપીને તેમને જવા દે છે. પરંતુ, આ ઘટનાનું પરિણામ ખૂબ ગંભીર આવે છે. અકસ્માત કરીને પણ છટકી શકાય છે એવી માન્યતા આ કારણે અવયસ્કોનાં મનમાં ઘર કરી જાય છે ને એ કારણે તેઓ વધુ બેદરકારીથી ને બેફામ વાહનો ચલાવે છે.

એક બિનસત્તાવાર આંકડા મુજબ ગાંધીનગર શહેરમાં વર્ષેદહાડે ૧૦૦ જેટલા નાના-મોટા અકસ્માતો માત્ર અવયસ્કોને કારણે સર્જાય છે !